Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

# સ્વાતંત્ર્ય સેનાની ડૉ. ઉષા મહેતા

**ડૉ. ભાવના આર. પ્રજાપતિ***

ઉષા મહેતા એક ગાંધીવાદી સ્વાતંત્ર્ય સેનાની અને સમાજસેવિકા હતા. ઈ. સ. 1998માં ભારત સરકારે તેમને ભારતનો બીજો સૌથી ગૌરવશાળી પુરસ્કાર પદ્મવિભૂષણનો ખિતાબ આપ્યો હતો.

ઉષા મહેતા નો જન્મ નવસારી જીલ્લાના ઓલપાડ તાલુકાના સરસ ગામમાં 25મી માર્ચ, 1920ના રોજ થયો હતો. તેમના પિતા ન્યાયાધીશ હતા. તેથી તેમની વારંવાર બદલી થતી હતી. તેમણે પ્રાથમિક શિક્ષણ ખેડામાં લીધું હતું અને માધ્યમિક શિક્ષણ ભરૂચ તેમજ મુંબઇમાં થયું હતું. તેમણે વિદ્યાર્થીકાળમાં જ વકૃત્વની હરીફાઇમાં પ્રથમ ઈનામ પ્રાપ્ત કર્યું હતું. મુંબઈની વિલ્સન કોલેજમાં ઉચ્ચ શિક્ષણ માટે તેમણે પ્રવેશ મેળવેલો અને 1939માં પ્રથમ વર્ગમાં તત્વજ્ઞાન વિષયમાં સ્નાતક થયા હતા. પિતા ન્યાયાધીશ હોવાને લીધે તેમણે એલ.એલ.બી.ની પરીક્ષા પણ પાસ કરી હતી.

ઈ. સ. 1927 માં તેમણે સાઈમન કમિશન વિરોધી પદયાત્રામાં ભાગ લીધો. અને ‘સાયમન પાછો જા’ નો ઘોષ કર્યો હતો. તેઓ અન્ય બાળકો સાથે પ્રભાતફેરી અને દારૂની દુકાન સામે પિકેટિંગ કરવામાં ભાગ લેતા. આવા એક વિરોધ પ્રદર્શન સમયે ભારતીય ધ્વજ ધરીને ચાલતી એક બાલિકાને પોલીસે લાઠી મારતા તે ધ્વજ સહિત પડી ગઈ. આ વાત બાળકોએ તેમના માતા પિતાને કહી. માતા-પિતાએ બાળકોને તિરંગા ધ્વજના વસ્ત્રો પહેરાવી ફેરીઓમાં મોકલ્યા. આ રંગના વસ્ત્રો પહેરી બાળકોએ પોલીસને પડકાર ફેંક્યો કે, પોલીસ તમે તમારી લાઠીઓ મારી શકશો પણ મારા ધ્વજને નીચે નહીં ઉતારી શકો.

---

***ડૉ. ભાવના આર. પ્રજાપતિ,આસિસ્ટન્ટ પ્રોફેસર,ઈતિહાસ વિભાગ, આણંદ આર્ટસ કોલેજ,આણંદ**

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

ઉષા મહેતાના પિતાજી બ્રીટીશ રાજ્યના ન્યાયાલયમાં ન્યાયાધીશ હતા. આથી તેમણે ઉષાના સ્વતંત્રતાની ચળવળમાં ભાગ લેવાને ઉત્તેજન ન આપ્યું પણ 1930 માં પિતાજી સેવા નિવૃત થતા આ મર્યાદા સમાપ્ત થઈ.

ઈ. સ. 1930 માં મીઠાસત્યાગ્રહ વખતે તેઓ વાનરસેનામાં જોડાયેલા અને ત્યારથી તેમણે ગાંધીજીના કહેવાથી ખાદી અપનાવેલી 1932માં ઉષાબેન નું કુટુંબ મુંબઇમાં સ્થાયી થયું. આથી તેમને સ્વતંત્રતાની ચળવળમાં ભાગ લેવાના વધુ અવસરો મળ્યા. તેઓ અન્ય બાળકો સાથે મળી ગુપ્ત ચોપાનીયાઓ વહેંચતા, જેલવાસી સ્વાતંત્ર સેનાનીઓના સગા-વ્હાલાઓ ને મળવા જતા અને તેમના સુધી સંદેશાઓ પહોંચાડતા. ઉષાબેનના જીવન પર ગાંધીજીનો ઘણો જ પ્રભાવ હતો. આથી આગળ જતાં તેઓ ગાંધીવાદી બન્યા. તેમણે શરૂઆતમાં જ આજીવન બ્રહ્મચારી રહીને સંયમી જીવન જીવવાનો નિર્ણય લીધો. તેમણે ગાંધી જીવન ચર્યા અપનાવી અને તેઓ હંમેશા ખાદી પહેરતા અને તેમણે સર્વ વૈભવવિલાસ ત્યાગ કર્યો હતો. સમય જતાં તેઓ પ્રખર ગાંધીવાદી વિચારધારાના સમર્થક તરીકે ઊભરી આવ્યા. વિસ એક વર્ષની ઉંમરે તેઓ કોંગ્રેસમાં સ્વયંસેવિકા તરીકે જોડાયા અને ૮મી ઓગસ્ટે મુંબઈના ગોવાળિયા ટેંક તરીકે ઓળખાતા મેદાનમાં ભારત કોંગ્રેસ મહા સમિતિ નું અધિવેશન ભરાયેલું ત્યારે સ્વયંસેવિકા હતા. 9મી ઓગસ્ટ, 1942માં જ્યારે બધા કોંગ્રેસીઓ પકડાયા ત્યારે સમાજવાદી નેતાઓ ભૂગર્ભમાં ચાલ્યા ગયા અને આંદોલન ચલાવે તેવા નેતાની જરૂર હતી. સમાજવાદી નેતા રામ મનોહર લોહિયાને ‘રેડિયો સ્ટેશન’ સ્થાપવાનો વિચાર આવ્યો અને ‘ભારત છોડો’ યુદ્ધનું એલાન કરવાનું વિચાર્યું. તે સમયે સારા વક્તા તરીકે ઉષાબેન મહેતાનું નામ જાણીતું હતું. ત્યાં રામ મનોહર લોહિયાની એક નિષ્ણાંત રેડીયો એન્જિનિયર મળી ગયા. સ્ટેશન સ્થપાયું અને રેડિયો પરથી જ યુદ્ધ-ઘોષણા અને લડત ચલાવવામાં સાથ આપવા ઉષાબેનને કહેવામાં આવ્યું અને 13મી ઓગસ્ટ, 1942ના દિવસે લોકોને તેમના રેડિયો પર પહેલી જ વાર અંગ્રેજોની હકુમત વગરની વાણી ‘યહ કોંગ્રેસ રેડીયો હે’ એવી ઉદ્દ્ઘોષણા સાંભળવા મળી. જોકે એ ક્યાંથી પસાર થાય છે તે લોકોને ખબર નહોતી અને ઉષાબેન તેમના સાથીઓ સાથે અંગ્રેજોની નજરથી બચવા દરરોજ પ્રસારણનું સ્થળ બદલતા રહેતા. સરકારે રેડિયો સ્ટેશન પર તરાપ મારવા ખૂબ કોશીશ કરી પણ સફળતા મળી નહીં. પછી એ વિશેની માહિતી આપનારને મોટા ઇનામો આપવાની

Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

જાહેરાત કરવામાં આવી. શરૂઆતમાં તો આ રેડિયો મથક પરથી રાષ્ટ્રભક્તિના ગીતો, નેતાઓના ભાષણોની ટેપ તથા રાષ્ટ્રગીત વંદે માતરમ વગાડવામાં આવતું. ઉષાબેન રોજ રાત્રે કોંગ્રેસ રેડિયો પરથી 'હિન્દ છોડો'ની ગર્જના કરતા રહેતા. ગાંધીવાદી કાર્યકર વિઠ્ઠલભાઈ ઝવેરી, અચ્યુત પટવર્ધન, અરુણા અસફઅલી વગેરે નેતાઓના ભાષણોની રેકોર્ડ ઉતારી લેવામાં આવતી અને યુવાનોને ઉષાબેનની જોશભરી ભરી વાણીમાં આ ભાષણ સંભળાવી અપીલ કરવામાં આવતી કે 'હિંદ છોડો' ચળવળ માં જોડાવો. સિંગાપુરમાં તે વખતે 'આઝાદ હિન્દ ફોજ'ની રચના કરી રહેલા સુભાષચંદ્ર બોઝ પણ નિયમિત રીતે કોંગ્રેસ રેડીયો સાંભળતા અને તેમણે ડો. લહિયાને સંદેશો મોકલાવ્યો હતો કે કોંગ્રેસ રેડિયો પ્રસારણ ની હું બહુ આતુરતાપૂર્વક રાહ જોઉં છું. પરંતુ ત્રણેક મહિના પછી જે એન્જિનિયરે ટ્રાન્સમીટર બનાવ્યું હતું તે ફૂટી ગયો.તેણે અંગ્રેજ સરકારને આ રેડિયો સ્ટેશન અંગેની માહિતી આપી દીધી. અને ઉષાબેન તથા સાથીઓની ધરપકડ કરી લેવામાં આવી તેમના પર કેસ ચાલ્યો અને ઉષાબહેનને ચાર વર્ષની સખત કેદની સજા થઇ. તેમને યરવડા જેલમાં મોકલવામાં આવ્યા. અહીંયા તેમને મૃદુલા સારાભાઇ, મણીબેન પટેલ, પૂર્ણિમા બેનરજી, વાયોલેટ અલવા જેવા સ્વાતંત્ર્યવીરનો સાથ અને હુંફ મળ્યા. જેલમાં જોકે તેમનું સ્વાસ્થ્ય વધુ બગડી હતું.

બીજું વિશ્વયુદ્ધ પૂરું થયું અને તેઓ જેલમાંથી બહાર આવ્યા. તેમણે એમ.એ.નો અભ્યાસ પૂરો કરવાનું વિચાર્યું તો વિલ્સન કોલેજના પ્રિન્સિપાલે એમને કોલેજમાં વ્યાખ્યાતાનું કાર્ય કરવા આમંત્ર્યા અને અધ્યાપિકા તરીકે તેમણે તેમનું અધ્યાપન કાર્ય શરૂ કર્યું. એ સમય દરમિયાન તેમણે ગાંધીજીની રાજકીય ફિલસૂફીએ વિષય પર શોધનિબંધ લખીને ઇ. સ. 1953માં મુંબઈ યુનિવર્સિટીમાંથી પીએચ. ડી. ની પદવી પ્રાપ્ત કરી.

પછી અમેરિકાની ફુલબ્રાઈટ છાત્રવૃતિ મળતા અમેરિકા ગયા. ઇ. સ. 1953-54 માં અમેરિકામાં ભણી પાછા મુંબઈ વિશ્વવિદ્યાલયના રાજકારણ વિભાગમાં જોડાયા અને વિભાગના અધ્યક્ષ પણ બન્યા. 1980 માં શ્રેષ્ઠ પ્રાધ્યાપિકા તરીકેનું પારિતોષિક મળ્યું. 1984 માં મુંબઈ યુનિવર્સિટી તરફથી શ્રેષ્ઠ પ્રાધ્યાપિકા અને 1998માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

તરફથી ભારતના શ્રેષ્ઠ અધ્યાપકોને અપાતા પારિતોષિક માટે પસંદગી થઈ. ડોક્ટરેટની ઉપાધિ માટેના માર્ગદર્શક તરીકે ઘણા વિશ્વવિદ્યાલયોએ એમને માન્યતા આપી.

તેમને 1998માં તેમની અર્ધી સદીની દેશસેવા અને સમાજસેવાની કદર કરી ભારત સરકારે પદ્મવિભૂષણનો ઇલકાબ આપી તેમનું સન્માન કર્યું હતું. તેઓ મણીભુવન ગાંધી સંગ્રહાલયના પ્રમુખ, પબ્લિક યુનિયન ઓફ સીવીલ લિબર્ટીઝ ના ઉપપ્રમુખ, ગાંધી સ્મારક નિધિના સભ્ય, એશિયન બુક ટ્રસ્ટના પ્રમુખ, રાષ્ટ્રભાષા પ્રચાર સભાના પ્રમુખ તથા ઘણી બધી ગાંધીવાદી અને સર્વોદય સંસ્થાઓ સાથે જોડાયેલા હતા.

સમય જતા ઉષાબહેન સામાજિક અને રાજનીતિના ક્ષેત્રોમાં થયેલા ફેરફારોથી દુર રહેતા. એક વખત ઇન્ડિયા ટુડેને આપેલા સાક્ષાત્કારમાં તેમણે જણાવ્યું હતું કે, “અમે જે આઝાદી માટે લડ્યા તે આવી તો ન હતી.” તેમણે આગળ જણાવ્યું હતું કે, તેમના સમવયસ્ક સ્વતંત્રસેનાનીઓ માનતા કે, “જો વ્યક્તિના હાથમાં સત્તા આવે તો સડો દાખલ થાય જ છે.” જોકે તેમના શબ્દોમાં “અમે ધાર્યું નહોતું કે સડો આટલું જલ્દી ઘર કરી જશે.” જો કે સ્વતંત્રતા બાદ ભારતમાં લોકશાહી સફળ રહી અને ઔધોગિક ક્ષેત્રે પણ ભારતે સારી પ્રગતિ કરી. તેમણે કહ્યું, “તેમ છતાં પણ અમારા સપનાનું ભારત નથી.”

ઓગસ્ટ 2000 ની સાલમાં તબિયત નાદુરસ્ત હોવા છતાં પણ દર વર્ષની જેમ તેમણે ઓગસ્ટ ક્રાંતિ મેદાનમાં થતી ભારત છોડો ઉજવણીમાં ભાગ લીધો. તેઓ ઘરમાં ખૂબ થાકેલા પહોંચ્યા તે પછી બે દિવસે 11 ઓગસ્ટ, 2018 ના દિવસે તેમણે શાંતિપૂર્વક80 વર્ષની વયે પ્રાણત્યાગ કર્યો. તેમના લખાણો વક્તવ્યો લોકસેવા અર્થે જીવન સમર્પિત કરીને કરેલા સત્કાર્યો બદલ તેમને અનેક પુરસ્કારો અર્પણ થાય છે. ઉત્તમ શિક્ષક, સ્વાતંત્ર સેનાની, અગ્રણી નાગરિક, પ્રસાર ભારતી તરફથી ભારતી ગૌરવ પારિતોષિક, કાકાસાહેબ ગાડગીલ પુરસ્કાર, દાદા ઉદાલકર પુરસ્કાર વગેરે પ્રાપ્ત થયા છે. પરંતુ ગાંધીજીના સિદ્ધાંતોને અનુસરી સાદગીપૂર્ણ જીવન જીવતી વ્યક્તિઓમાં તે ગૌરવાન્વિત હતા.

**ISSN NO: 2395-339X**

## સંદર્ભ સૂચિ:-

1) ગુજરાતના નારી રત્નો, લેખક: મીનાક્ષી ઠાકર

2) સ્વાતંત્ર સેનાની, લેખક: નવીન જોશી

3) ભારતની સ્વાતંત્ર સેવિકાઓ, લેખક: ઉષા મહેતા

4) **Padma awards directory 1954 to 2013, Ministry of Home affairs (public section) Government of India, 14 August, 2013**